**ગુ.મુ.નં.–૫૩૫/૨૦૧૯**

## <u>આંક–૧૯ લગત હુકમ</u>

---

૧.   અરજી વંચાણે લીધી. રેકર્ડ ધ્યાને લીધું. સદર કામે ફરીયાદીએ હાલની અરજી આપી આરોપી સામે દાખલ થયેલ ફરીયાદ મુજબના ચેકની રકમના ૨૦ ટકા રકમ ફરીયાદીને વચગાળાના વળતર તરીકે ચુકવવા અરજ કરેલ છે જે અરજી સામે આરોપીએ દલીલ કરેલ છે. આ કામના ફરીયાદીને આવી કોઈ ફરીયાદ આપવાનો અધિકાર નથી. આ કામના ફરીયાદીએ આરોપી સામે ખોટો કેસ કરેલ છે. આ કામના ફરીયાદીએ અમો ગરીબ મધ્યમ વર્ગના વૃધ્ધ ઈસમને માત્ર હેરાન પરેશાન કરવા હાલનો ખોટો કેસ કરેલ છે. અમો આરોપી સામે ખોટો કેસ કરેલ છે. આ કામના ફરીયાદીએ અમારા ગામના રહેવાસી હોય તેમજ સાથે સારી એવી મિત્રતાને લીધે અમારા ચેકનો દુર ઉપયોગ કરેલ છે.આ કામના ફરીયાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. આ કામના ફરીયાદીએ સદરહું કેસમાં નાણાકીય વ્યવહાર થયેલ હોય તેવો કોઈ વ્યવહાર અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેમજ ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આટલી મોટી રકમ કયાથી લાવેલ અને અમોને આપેલ  તેવો કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી. સદરહું કામે આરોપી સામે ખોટો કેસ કરેલ હોય, તેમજ અમો સદરહું કેસ રોજે રોજ ચલાવવા તૈયાર છીએ. અમો આરોપીને ભારતીય બંધારણ મુજબ ચોક્કસ પણે પોતાનો બચાવ કરવાનો અધિકાર છે. માત્રને માત્ર અમારી નાણાંકીય પરિસ્થિતિ સારી ન હોય અને ધી. નેગો. ઈન્ટુમેન્ટ એકટની કમલ–૧૪૩(એ)નો  નો સુધારાનો ખોટી રીતે અર્થઘટન કરી અમોના દુરઉપયોગ કરેલ ચેકમાં મોટી રકમ ભરી અમોને આર્થિક તથા કાયદાનો દુર ઉપયોગ કરી હાલની અરજ આપેલ છે. જેથી પણ હાલની ફરીયાદની અરજી નામંજુર કરવા મે. કરશો.

૨.   ઉપરોકત અરજીના કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૯૮૧ની કલમ –૧૪૩(એ) નીચે મુજબ છે.

(1). Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973, the Court trying an offence under section 138 may order the drawer of the cheque to pay interim compensation[1] to the complainant—

(a) in a summary trial or a summons case, where he pleads not guilty to the accusation made in the complaint; and

(b) in any other case, upon framing of charge.

.

(2). The interim compensation under sub–section (1) shall not exceed twenty percent of the amount of the cheque.

(3) The interim compensation shall be paid within sixty days from the date of the order under sub–section (1), or within such further period not exceeding thirty days as may be directed by the Court on sufficient cause being shown by the drawer of the cheque.

(4) If the drawer of the cheque is acquitted, the Court shall direct the complainant to repay to the drawer the amount of interim compensation, with interest at the bank rate as published by the Reserve Bank of India, prevalent at the beginning of the relevant financial year, within sixty days from the date of the order, or within such further period not exceeding thirty days as may be directed by the Court on sufficient cause being shown by the complainant.

(5) The interim compensation payable under this section may be recovered as if it were a fine under section 421 of the Code of Criminal Procedure, 1973.

(6) The amount of fine imposed under section 138 or the amount of compensation awarded under section 357 of the Code of Criminal Procedure, 1973, shall be reduced by the amount paid or recovered as interim compensation under this section

ઉપરોકત કલમ વંચાણે લેતા સદર કલમ મુજબનો સુધારો તા. ૨-૮-૨૦૧૮ ના રોજ સુધારો થયેલ છે અને તે સુધારા મુજબ ફરીયાદીને વચગાળાનું વળતર આપવાની જોગવાઈ કરેલ છે. જે જોગવાઈ મુજબ જ્યારે આરોપી તેમની સામેનો કેસ મુજબનો ગુનો કબુલ ન કરે અને તહોમત ફરમાવવાના તબક્કે કેસ ચલાવવા માટેની તૈયારી દર્શાવે તે સમયે વચગાળાનું વળતર ફરીયાદીને ચુકવવા માટે અદાલત હુકમ કરી શકશે અને તે વચગાળાનું વળતર ચેકની રકમના ૨૦% થી વધુ હોઈ શકે નહી તેટલી રકમ ફરીયાદીને ચુકવવાનો હુકમ કરી શકાશે. વધુમાં જોગવાઈ કરવામાં આવી છે કે સદર રકમ ઓર્ડર થયાના ૬૦ દિવસમાં ચુકવી આપવી અને યોગ્ય કારણોસર તે સમય મર્યાદા ઉપરાંત વધુમાં વધુ ૩૦ દિવસ સુધી વધારી શકાશે અને એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે જો આરોપીને નિર્દોષ ઠરાવવામાં આવે તો ફરીયાદીએ તે વચગાળાની વળતરની રકમ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા વ્યાજના દર મુજબ ૬૦ દિવસમાં પરત આરોપીને ચુકવી આપવી અને તે સમય મર્યાદા ઉપરાંત વધુમાં વધુ ૩૦ દિવસ સુધી વધારી શકાશે.

૩. આમ, સદર સુધારા મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૪૩(એ) મુજબ ફરીયાદ દાખલ થયા બાદ આરોપી તેમની સામેનો ગુનો કબુલ ન કરે અને કેસ આગળ ચલાવવા માટેની તૈયારી દર્શાવે તે સંજોગોમાં ચેકની રકમના ૨૦% સુધીની રકમ આરોપી દ્વારા ફરીયાદીને ચુકવી આપવા હુકમ કરી શકાશે.

૪. સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો આરોપી દ્વારા આંક- ૧૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપીએ તેઓને વકીલ રોકી બચાવ કરવો છે તે તેવી હકીકત જણાવેલ છે. જેથી સદર કામે રેકર્ડ જોતા આરોપીએ ગુનો કબુલ ન કરવા બાબત પ્લી રેકર્ડ થયેલ છે અને આરોપીનો બચાવ કે ફરીયાદીએ પુરાવા રજુ કરેલ નથી તે દલીલ ટકવા પાત્ર જણાતી નથી. કાયદામાં થયેલ સુધારામાં, પુરાવાના અંતે આવો હુકમ કરવો એવી જોગવાઈ નથી. ટ્રાયલની શરુઆતના તબક્કે જ હાલની અરજીનો નિર્ણય થવો જોઈએ તે આ સુધારાનો હાર્દ છે. જેથી આરોપી દ્વારા કરવામાં આવેલ રજુઆત ટકવા પાત્ર જણાતી ન હોઈ. સદર ફરીયાદમાં જણાવેલ ત્રણ ચેકની રકમ રૂા.૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ પુરા)ના ૨૦% લેખે રકમ રૂા.૧,૨૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પુરા) આ કામના આરોપીએ ફરીયાદીને સદર હુકમ થયાની તારીખથી દિન-૬૦ માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૫. વધુમાં હુકમ કરવામાં આવે છે કે, જો આરોપી દ્વારા સદર રકમ નિયત સમય મર્યાદામાં ચુકવવામાં કસુર થશે તો તે રકમ આરોપી પાસેથી ક્રિમીનલ પ્રોસીઝર કોર્ડની કલમ-૪૨૧ મુજબ વસુલાતને પાત્ર થશે.

ઉપરોકત હુકમ આજ રોજ તા. ૧૩ મી માહે ઓગષ્ટ સને-૨૦૨૧ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ: શિનોર
તા. ૧૩–૦૮–૨૦૨૧

(જીગર નારાયણકુમાર મહેતા)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
જિજે૦૧૪૯૮
શિનોર